PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૮/કવા–૦૩/૧૮–૧૯/ 1535-2 તા. 22-02-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

રાણીબેન મેરગભાઈસુત્રેજા,

સુત્રેજા જીતેન્દ્રભાઈ કેશુભાઈ

ગામ સુત્રેજ

તાલુકો કેશોદ- જીલ્લો જુનાગઢ

મો: ૯૭ ૨૩ ૯૧ ૮૫ ૫૫

વિષય :–નવા વીજ જોડાણ મળવા બાબત

સંદર્ભ:– આપની અરજી , તા.૧૯ –૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૯૮/કવા–૦૩/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)

કા.વા. કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, માધવપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૯૮/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૧–૦૧–૧૯ | સ્થળ : પોરબંદર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: રાણીબેન મેરગભાઈ સુત્રેજા, ગામ: સુત્રેજ

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના પૌત્ર જીતેન્દ્રભાઈ કેશુભાઈ સુત્રેજા હાજર રહેલ છે.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, માધવપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી,માંગરોલ)

રજુઆત કરનાર :વી.જે.રાઠોડ – નાયબ ઈજનેર વિભાગીય કચેરી, માંગરોલ

---

## : હુકમ :

## ફરીયાદ : નવા વીજ જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર **રાણીબેન મેરગભાઈ સુત્રેજા** ગામ:સુત્રેજ તેઓની અરજી ના નોંધણી નંબર :૯૮/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ માધવપુર ખાતે ૫૦ હોપાના નવા ઓર્ધોગીક વીજજોડાણ મેળવવા માટે તા.૨૦–૦૯–૧૮ થી અરજી કરેલ છે. જે અન્વયે માંગણી મુજબ ના તમામ દસ્તાવેજીક પેપર્સ અરજદાર દ્વારા પુરા પાડેલ છે, તેમ છતા – તેઓની માંગણી મુજબ ની જગ્યાએ અગાઉ વીજજોડાણ ધરાવતા હતા – જે તેઓને જરૂરીયાત ન હોવાથી રદબાતલ કરાયેલ હતુ, તેમજ બાકી ભરણુ પણ તેઓ દ્વારા કરેલ હતુ. આમ, ઘણો જ સમય થવા છતા – તેઓનુ વીજજોડાણ મળેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી મીટીંગ: તા. ૦૧–૦૧–૧૯ ના રોજ અરજદાર ના પ્રતિનીધી દ્વારા – **રાણીબેન મેરગભાઈ સુત્રેજા** ની લેખીત રજુઆત રજુ કરેલ – તે મુજબ તેઓએ ૫૦ હોપા ના ઓર્ધોગીક હેતુ માટે નુ વીજજોડાણ મેળવવા માટે ની અરજી પેટા વિભાગીય કચેરી, માધવપુર ખાતે કરેલ છે. જે અન્વયે અરજદાર ના પુત્રવધુ સામે અન્ય મીલ્કત માં પીજીવીસીએલ ના વીજલેણા બાકી નીકળતા હોય – તે જગ્યા અને અરજદારની માંગણી મુજબ ની – વીજજોડાણ માટેની જગ્યા અલગ–અલગ હોય – જે અંગે ના આધાર–પુરાવા તરીકે રેશનકાર્ડ ની નકલ રજુ કરેલ છે. તેઓની પુત્રવધુ ની મીલ્કત માં વીજલેણા બાકી હોય – તેઅંગે નો કેઈસ થયા બાદ પણ સતત ૦૩ વર્ષ સુધી – તેઓની માંગણી મુજબ ની મીલ્કત મા અરજદાર ના નામનુ વીજજોડાણ ધરાવતા હતા. પરંતુ, નબળુ વર્ષ થવાથી – સદર મીલ્કત ( લીઝ) ખાણ બંધ થવાથી – વીજજોડાણ પીડીસી કરાયેલ હતુ. ત્યારબાદ કલેકટર કચેરી – ભુસ્તરશાસ્ત્રી દ્વારા – સદર લીઝ ચાલુ કરવાનો હુકમ કરવામા આવતા – વીજજોડાણ ની જરૂરીયાત હોય– વીજજોડાણ આપવા વિનંતી કરેલ છે, તેમજ તેઓના પુત્રવધુ પર – જે પીજીવીસીએલ દ્વારા કેઈસ ચાલુ છે, તેમા દોષિત જાહેર થાય તો – સદર માંગણી મુજબ નુ વીજજોડાણ રદબાતલ કરવા **બાબતે** ની બાંહેધરી ની સામે પીજીવીસીએલ પક્ષકાર ને જરૂરીયાત જણાય તો – અરજદાર સહમત છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી **રાણીબેન મેરગભાઈ સુત્રેજા**, ગામ: સુત્રેજ – માંગરોળ વિભાગીય કચેરી નીચે આવતી પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર નીચે આવતા બળેજ ગામમાં સ્ટોન ક્શર માટે રાણીબેન મેરગભાઈ સુત્રેજા દ્વારા નવા ઔદ્યોગિક વીજ કનેક્સનની માગણી કરવામાં આવેલ છે.<br><br>સદર કેસ ફાઈલ પેટા વિભાગીય કચેરી દ્વારા અત્રેની કચેરીમાં જરૂરી દસતાવેજી પુરાવા સાથે પ્રી-ઓડીટ માટે |

| | |
|---|---|
| | મોકલવામાં આવેલ. કેસ ફાઈલની પ્રી-ઓડીટ કરતી વખતે કેસ ફાઈલમાં જરૂરી દસ્તાવેજ જેમકે વારસાઈ આંબો તથા તેના અનુસંધાને વારસદારની નોટરાઇઝ સંમતિ જોતા વારસદાર તરીકે શ્રીમતી મધુબેન નાગાજણભાઈ સુત્રેજાનું નામ છે.<br><br>માધવપુર પેટા વિભાગીય કચેરીનો ગ્રાહકવાઈઝ લેઝર જોતા *શ્રીમતી મધુબેન નાગજનભાઈ સુત્રેજાના* નામનું બળેજ ગામમાં ગ્રાહક નં.૮૦૮૧૨૦૦૯૬૩૦, ઔદ્યોગિક વીજ કનેકસન આવેલ હતું જે વીજ કનેકસનના ચેકિંગ અંગેનું કલમ ૧૩૫ મુજબ રૂ.૧૭૩૦૬૬૩.૫૯નું વીજ ચોરીનું બિલ આપવામાં આવેલ. જે રકમ ભરપાઈ ના કરતા સદર કનેકસન તા.૦૩.૦૭.૨૦૧૩ ના રોજ PDC કરવામાં આવેલ અને લેણી રકમ વસુલ કરવા સ્પે. દાવા નં.૦૩/૨૦૧૪ રોજ નામદાર કોર્ટ પોરબંદરમાં રૂ.૧૮૫૧૭૨૪.૦૮નો દાવો દાખલ કરેલ છે. તેમજ FIR No.2354/2013 ની ચાર્જ સીટ નં.૦૩/૨૦૧૭ અને ફોજદારી કેસ નં.૧૪૩/૨૦૧૭ થી દાખલ કરેલ છે.<br><br>માધવપુર પેટા વિભાગીય કચેરી દ્વારા શ્રીમતી મધુબેન નાગાજણભાઈ સુત્રેજાને રાણીબેન મેરગભાઈ સુત્રેજાના સીધી લીટીના વારસદાર ગણી શકાય કે નહી તેમજ રાણીબેન મેરગભાઈ સુત્રેજાને બળેજ ગામમાં ઔદ્યોગિક વીજ કનેકસન આપી શકાય કેમ તે અંગે શ્રી ડી બી લાખાણી, પેનલ એડવોકેટ, પોરબંદરનો પત્ર નં.એમડીએચ/લીગલ/અભિપ્રાય/૬૫૭૭, તા.૨૭.૧૧.૨૦૧૮ના રોજ અભિપ્રાય માંગવામાં આવેલ પરંતુ તેનો અભિપ્રાય ન આવતા પેનલ એડવોકેટશ્રી આર જી પંડ્યા ને પત્ર નં.એમડીએચ/લીગલ/અભિપ્રાય/૬૭૯૩, તા.૧૨.૧૨.૨૦૧૮થી અભિપ્રાય માંગવામાં આવેલ જેનો અભિપ્રાય તા.૧૩.૧૨.૨૦૧૮ના પત્ર દ્વારા શ્રીમતી મધુબેન નાગાજણભાઈ સુત્રેજા, રાણીબેન મેરગભાઈ સુત્રેજાના પુત્ર વધુ થતા હોય અને તેઓ સીધી લીટીમાં આવતા ન હોય તેથી રાણીબેન મેરગભાઈ સુત્રેજાને વીજ કનેકસન આપી શકાય તેઓ અભિપ્રાય આપવામાં આવેલ છે.<br><br>ત્યારબાદ પેનલ એડવોકેટ, શ્રી ડી બી લાખાણી, નો અભિપ્રાય તા.૧૫.૧૨.૨૦૧૮ ના પત્ર દ્વારા માધવપુર પેટા વિભાગીય કચેરીને મળેલ તે અભિપ્રાય મુજબ મૂળ લીઝ મેરગભાઈ હાજાભાઇ સુત્રેજા મળેલ હોય અને તેના સીધી લીટીના વારસદારમાં મધુબેન નગાભાઈ સુત્રેજા પણ આવતા હોય, તેથી જ્યાં સુધી લેણી નીકળતી રકમ ભરપાઈ કરવામાં ન આવે ત્યાં સુધી વીજ કનેક્સન આપી શકાય નહિ તેવો અભિપ્રાય આપવામાં આવેલ છે<br><br>આથી વધારે સ્પષ્ટતા માટે પત્ર નં.એમડી/રેવ/૭૮૦૩, તા.૧૮.૧૨.૨૦૧૮ વર્તુળ કચેરી, પોરબંદરનું માર્ગદર્શન માંગવામાં આવેલ જેના અનુસંધાને વર્તુળ કચેરી, પોરબંદર દ્વારા પત્ર નં.એસઈપી/રેવ/ન્યુ. કને./૩૬૦૮, તા.૨૧.૧૨.૨૦૧૮ના જરૂરી માહિતી માંગવામાં આવેલ. |
| ૨.૨ | ફોરમ કમિટી મીટીંગ તા.૦૧.૦૧.૨૦૧૯ ના રોજ સદર સવાલવાળી જગ્યાનું સબંધક રેવન્યુ અધિકારી ની હાજરીમાં રોજકામ રજુ કરવા સુચન કરેલ જે અનુસંધાને પીજીવીસીએલ ની સંબધક કચેરીના ઈ-મેઇલ તા. ૧૩.૦૨.૨૦૧૯ મુજબ સ્થળ તપાસ અંગેનો રિપોર્ટ રજુ કરેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, રાણીબેન મેરગભાઈ સુત્રેજાના ગામ- સુત્રેજ– માંગરોળ વિભાગીય કચેરી નીચે આવતી પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર નીચે આવતા બળેજ ગામમાં સ્ટોન ક્રશર માટે રાણીબેન મેરગભાઈ સુત્રેજા દ્વારા નવા ઓદ્યોગિક વીજ કનેક્સંન ૫૦ હોપા ની માગણી કરવામાં આવેલ છે. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે– **સીધીલીટી** ના વારસદારો મધુબેન નગાભાઈ સુત્રેજા ના પીજીવીસીએલ |

| | |
|---|---|
| | ના લેણા બાકી હોય – વીજજોડાણ આપવાની કાર્યવાહી કરાયેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| **૩.૨** | પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા તરફથી જણાવાયેલ કે, કલેકટર કચેરી ખનીજશાખા પોરબંદર પત્ર નં.–૨૬૨૦ તા.૨૧–૦૯–૦૭ મુજબ – ના વાંધા પ્રમાણપત્ર પ્રમાણે પટેદાર શ્રી નાગાજણભાઈ મેરગભાઈ સુત્રેજા ને પોરબંદર જીલ્લાના પોરબંદર તાલુકાના ગામ બળેજ ના સ.નં. ૫૨/૪/૧ પૈકી માં ૦૦–૭૮–૦૦ હેકટર વિસ્તારનું બીલ્ડીગ લાઈમસ્ટોનનું કવો રીલીઝ તા.૩૧–૦૩–૦૬ થી મંજુર કરાયેલ છે. જેનુ કરારનામુ તા.૧૨–૦૪–૦૭ ના રોજ ૦૫ (પાંચ) વર્ષની મુદત માટે કરવામા આવેલ છે.<br><br>ત્યારબાદ, સુત્રેજ ગામ મરણ ના પ્રમાણપત્ર – નોંધણી તા.૧૯–૦૪–૦૭ મુજબ – નાગાજણભાઈ મેરગભાઈ નુ અવસાન તા.૧૭–૦૪–૦૭ ના રોજ થયેલ છે.<br><br>કલેકટર કચેરી ખનીજશાખા પોરબંદર પત્ર નં.–૩૨૯૬ તા.૨૧–૧૧–૦૭ મુજબ – ના વાંધા પ્રમાણપત્ર પ્રમાણે પટેદાર શ્રી નાગાજણભાઈ મેરગભાઈ સુત્રેજા ના વારસદાર શ્રી સુત્રેજા મધુબેન નાગાભાઈ ને પોરબંદર જીલ્લાના પોરબંદર તાલુકાના ગામ બળેજ ના **સ.નં. ૫૨/૪/૧ પૈકી** માં ૦૦–૭૮–૦૦ હેકટર વિસ્તારનું બીલ્ડીગ લાઈમસ્ટોનનું કવો રીલીઝ તા.૩૧–૦૩–૦૬ થી મંજુર કરાયેલ છે. જેનુ કરારનામુ તા.૧૨–૦૪–૦૭ ના રોજ ૦૫ (પાંચ) વર્ષની મુદત માટે કરવામા આવેલ છે. જે અન્વયે – નવુ વીજજોડાણ ૪૦ હોપાનુ મેળવવા માટે, નિયત અરજી ફોર્મ મુજબ – સુત્રેજા મધુબેન નાગાભાઈને નિયમાધીન વીજજોડાણ અપાયેલ છે.<br><br>**મધુબેન નગાભાઈ સુત્રેજા કે જેઓ પીજીવીસીએલ ના ગ્રાહક નં. ૮૦૮૧૨૦૦૯૬૩૦ ઓદ્યોગિક વીજ કનેકસન આવેલ હતું જે વીજ કનેકસનના ચેકિંગ અંગેનું કલમ ૧૩૫ મુજબ રૂ.૧૭૩૦૬૬૩.૫૯નું વીજ ચોરીનું બિલ આપવામાં આવેલ. જે રકમ ભરપાઈ ના કરતા સદર કનેકસન તા.03.0૭.૨013 ના રોજ PDC કરવામાં આવેલ અને લેણી રકમ વસુલ કરવા સ્પે. દાવા નં.03/૨૦૧૪ રોજ નામદાર કોર્ટ પોરબંદરમાં રૂ.૧૮૫૧૭૨૪.0૮નો દાવો દાખલ કરેલ છે. તેમજ FIR No.2354/2013 ની ચાર્જ સીટ નં.03/૨૦૧૭ અને ફોજદારી કેસ નં.૧૪૩/૨૦૧૭ થી દાખલ કરેલ છે.** |
| **૩.૩** | કલેકટર કચેરી ખનીજશાખા પોરબંદર પત્ર નં.–૨૦૧૬ તા.૦૫–૦૫–૦૮ મુજબ – ના વાંધા પ્રમાણપત્ર પ્રમાણે પટેદાર સ્વ. શ્રી મેરગભાઈ હાજાભાઈ સુત્રેજાના વારસદાર શ્રીમતી રાણીબેન મેરગભાઈ સુત્રેજા ને પોરબંદર જીલ્લાના પોરબંદર તાલુકાના ગામ બળેજ ના સ.નં. ૫૨/૪/૧ પૈકી માં ૦૦–૭૮–૦૦ હેકટર વિસ્તારનું બીલ્ડીગ લાઈમસ્ટોનનું કવોરી લીઝ તા.૩૧–૦૩–૦૬ થી મંજુર કરાયેલ છે. જેનુ કરારનામુ તા.૧૨–૦૪–૦૭ ના રોજ ૦૫ (પાંચ) વર્ષની મુદત માટે કરવામા આવેલ છે. મુદત પૂર્ણ તા.૧૧–૦૪–૧૨. ત્યારબાદ, ભુસ્તરશાસ્ત્રી ની કચેરી ના પત્ર નં.–૩૫૪૧ તા.૦૬–૦૯–૧૮ અન્વયે – પટેદારશ્રી એ સ.**નં. ૫૨/૪/૧ પૈકી માં** ખનીજ ની કવોરી લીઝ રીન્યુઅલ અરજી તા.૧૫–૧૨–૧૧ અન્વયે – બાકી લેણા ભરપાઈ કરતા – પટેદારશ્રી મેરગભાઈ હાજાભાઈ સુત્રેજા ન વીજજોડાણ ચાલુ કરવા બાબતે હુકમ કરેલ છે.<br><br>ઉપરોકત બાબતે – રાણીબેન મેરગભાઈ સુત્રેજા એ ગામ- સુત્રેજ- માંગરોળ વિભાગીય કચેરી નીચે આવતી પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર નીચે આવતા બળેજ ગામમાં સ્ટોન કશર માટે રાણીબેન મેરગભાઈ સુત્રેજા દ્વારા નવા **ઓદ્યોગિક વીજ કનેક્સંન ૫૦ હોપા ની માગણી કરવામાં આવેલ છે. જે અનુસંધાને પીજીવીસીએલ ની સંબંધક કચેરી ના પત્ર નં.૫૦૪૭ તા,૧૫.૧૦.૨૦૧૮ થે ભૂસ્તરશાસ્ત્રીની કચેરી, પોરબંદર નો અભિપ્રાય માંગેલ જે અન્વયે ભૂસ્તરશાસ્ત્રીની કચેરી ના પત્ર તા.૨૪.૧૦.૨૦૧૮ મુજબ પટેદારશ્રી મેરાગ્ભાઈ હજાબાહી સુત્રેજાનું અવસાન થયેલ હોય, તેમના સીધી લીટીના પ્રથમ વારસદાર તેમના વિધવા પત્ની રાણીબેન મેરાગ્ભાઈ હાજાભાઇ સુત્રેજાને વીજ જોડાણ આપવામાં આવે તો હરકત સરખું નથી.** |
| **૩.૪** | <u>મધુબેન નગાભાઈ સુત્રેજા</u> રેશનકાર્ડ નં.–૧૧૨૦૦૭૦૦૪૭૫૫૯૮૬ મુજબ –ઘરનુ સરનામુ – મેઘનાથ સોસાયટી, દળેશ્વર નગર –કેશોદ તા.કેશોદ, જી. જુનાગઢ જે કાર્ડમાં સભ્યોના નામ (૧) સુત્રેજા મધુબેન નાગાજણભાઈ (૨) સુત્રેજા ચેતનભાઈ નાગાજણભાઈ (૩) સુત્રેજા નેહલબેન નાગાજણભાઈ નોધાયેલ છે.<br><br>શ્રીમતી રાણીબેન મેરગભાઈ સુત્રેજા ના દ્વારા રજુ કરાયેલ – રેશનકાર્ડ નં.૧૨/૦૦૭/૧૨૯૦૭૦૧/૦૬૧૧/૧૧૦૨૪ મુજબ –ઘરનુ સરનામુ – મેઘનાથ સોસાયટી, દળેશ્વર નગર –કેશોદ તા.કેશોદ, જી. જુનાગઢ છે. જે કાર્ડમાં સભ્યોના નામ (૧) સુત્રેજા મેરગભાઈ હાજાભાઈ (૨) રાણીબેન મેરગભાઈ સુત્રેજા નોધાયેલ છે. |

તેમજ કેશોદ તાલુકાના સુત્રેજ ગામ ના સ્વ. શ્રી મેરગભાઈ હાજાભાઈ ના વારસદારોનુ પંચ રોજકામ તા.૧૬–૦૨–૨૦૦૮ મા જણાવ્યા મુજબ – સ્વ. મેરગભાઈ હાજાભાઈ સુત્રેજા ના વિધ્વા પત્ની રાણીબેન અને સ્વ. મેરગભાઈ હાજાભાઈ સુત્રેજા ને એક પુત્રી અને ૦૪ પુત્ર પૈકીના પુત્ર સ્વ. નાગાભાઈ ના વિધ્વા પત્ની મધુબેન ( મેરગભાઈ હાજાભાઈ સુત્રેજા ના પુત્રવધુ) બતાવેલ છે.

**૩.૫** માધવપુર પેટા વિભાગીય કચેરી દ્વારા શ્રીમતી મધુબેન નાગાજણભાઈ સુત્રેજાને રાણીબેન મેરગભાઈ સુત્રેજાના સીધી લીટીના વારસદાર ગણી શકાય કે નહી તે અંગેનો અભિપ્રાય

- પેનલ એડવોકેટશ્રી આર જી પંડ્યા ને પત્ર નં.એમડીએચ/લીગલ/અભિપ્રાય/૬૭૯૩, તા.૧૨.૧૨.૨૦૧૮થી અભિપ્રાય માંગવામાં આવેલ જેનો અભિપ્રાય તા.૧૩.૧૨.૨૦૧૮ના પત્ર દ્વારા શ્રીમતી મધુબેન નાગાજણભાઈ સુત્રેજા, રાણીબેન મેરગભાઈ સુત્રેજાના પુત્ર વધુ થતા હોય અને તેઓ સીધી લીટીમાં આવતા ન હોય તેથી રાણીબેન મેરગભાઈ સુત્રેજાને વીજ કનેકસન આપી શકાય તેઓ અભિપ્રાય આપવામાં આવેલ છે.
- પેનલ એડવોકેટ, શ્રી ડી બી લાખાણી, નો અભિપ્રાય તા.૧૫.૧૨.૨૦૧૮ ના પત્ર દ્વારા માધવપુર પેટા વિભાગીય કચેરીને મળેલ તે અભિપ્રાય મુજબ મૂળ લીઝ મેરગભાઈ હાજાભાઇ સુત્રેજા મળેલ હોય અને તેના સીધી લીટીના વારસદારમાં મધુબેન નગાભાઈ સુત્રેજા પણ આવતા હોય, તેથી નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ જ્યાં સુધી લેણી નીકળતી રકમ ભરપાઈ કરવામાં ન આવે ત્યાં સુધી વીજ કનેક્સન આપી શકાય નહિ તેવો અભિપ્રાય આપવામાં આવેલ છે.

**૩.૬** નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૨૮ મા કરાયેલ જોગવાઈ મુજબ – '' વિતરણ પરવાનેદાર એક જગ્યા માટે અથવા તેજ માલીક ને અડીને આવેલ / બાજુની જગ્યામાં કે જે જાહેર માર્ગ કે ખાનગી જગ્યાથી અલગ પડતા ન હોય તો – એક જોડાણ કરતા વધુ જોડાણ અપાશે નહી, બીજા જોડાણ માટે માંગણી કરતા ગ્રાહકો એ આવકવેરા નં. / વેચાણવેરા નં., રેશન કાર્ડ અને ભાડુ અથવા પટા કરાર જેવા અલગ કાયદાકીય દસ્તાવેજો રજુ કરવાના રહેશે.''

નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ – ''નવા જોડાણ, પુનઃ જોડાણ, વીજભાર મા વધારો કે ઘટાડો, નામ બદલી અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન શીફટીંગ માટે ની અરજી, તે જગ્યા ને સબંધીત કોઈ લેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદાર ને વિતરણ પરવાનેદાર ના અધિકારક્ષેત્ર મા કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણ ના સબંધ મા કોઈ બાકી રકમ – ચુકવવામા આવશે નહી, ત્યા સુધી પરવાનેદાર દ્વારા ધ્યાન મા લેવામા આવશે નહી. પરંતુ, નવા અરજદાર પાસેથી અગાઉ ના લેણા વસુલ કર્યા પછી જોડાણ આપવામા આવે – તેવા કેઈસ મા અને યોગ્ય કાનુની ઉપાય પ્રાપ્ત થયા પછી – પરવાનેદાર ને તે જગ્યા અગાઉ ના ગ્રાહક /.માલીક પાસેથી કે કબ્જેદાર પાસેથી બાકી નિકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેઈસ મા, આવી બાકી નિકળતી રકમ વસુલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસુલ કરવામા આવી હોય તે નવા ગ્રાહક / માલીક કે કબ્જેદાર ને રકમ પાછી અપાશે''

**૩.૭** ઉપરોક્ત મુદ્દા નં ૨.૩ મુજબ રજુ કરેલ મામલતદાર કચેરી, પોરબંદર ના પત્ર તા.૧૨.૦૨.૨૦૧૯ મુજબ બળેજ ગામના સરકારી પડતર સર્વે નં. ૫૨/૪ પૈકી ૧ ની જમીનમાં મેરગ હાજા સુત્રેજા તથા નાગજણ મેરગ સુત્રેજા ને લીઝ માટે ફાળવેલ જમીનમાં સ્થળ અલગ અલગ અને પાસ પાસે હોવાનું જણાવેલ છે.

**૩.૮**

૧. સદર કેઈસ મા ઉપરોક્ત મુદદા નં. ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે – શ્રીમતી રાણીબેન મેરગભાઈ સુત્રેજા – કે જેઓને ભુસ્તરશાસ્ત્રી ની કચેરી ના પત્ર નં.–૩૫૪૧ તા.૦૬–૦૯–૧૮ અન્વયે – સ.નં. ૫૨/૪/૧ પૈકી માં ખનીજ ની કવોરી લીઝ રીન્યુઅલ અરજી તા.૧૫–૧૨–૧૧ અન્વયે – બાકી લેણા ભરપાઈ કરતા – પટેદારશ્રી મેરગભાઈ હાજાભાઈ સુત્રેજાન વીજજોડાણ ચાલુ કરવા બાબતે હુકમ કરેલ છે. પરંતુ સદર અરજદાર ની સદર લીઝ ક્યાં સુધી રીન્યુઅલ કરેલ છે તે અંગેના આધાર પુરાવા રજુ કરેલ નથી.

૨. સદર કેઈસ મા ઉપરોકત મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે – ફરીયાદી અરજદાર શ્રીમતી રાણીબેન મેરગભાઈ સુત્રેજા અને સુત્રેજા મધુબેન નાગાજણભાઈ ના રેશનકાર્ડ – ઉપરોકત મુજબ – અલગ અલગ છે.

૩. ઉપરોકત મુદદા નં. ૩.૫ મુજબ ની વિગતે – માધવપુર પેટા વિભાગીય કચેરી દ્વારા શ્રીમતી મધુબેન નાગાજણભાઈ સુત્રેજાને, રાણીબેન મેરગભાઈ સુત્રેજાના સીધી લીટીના વારસદાર ગણી શકાય કે નહી તે અંગેનો

| | |
|---|---|
| | પેનલ એડવોકેટશ્રીના અભિપ્રાય અલગ અલગ છે.<br><br>૪. ઉપરોક્ત **બાબતે** સુત્રેજા મધુબેન નાગાજણભાઈ ખનીજશાખા પોરબંદર પત્ર નં.–૩૨૯૬ તા.૨૧–૧૧–૦૭ મુજબ – ના વાંધા પ્રમાણપત્ર પ્રમાણે પટેદાર શ્રી નાગાજણભાઈ મેરગભાઈ સુત્રેજા ના વારસદાર શ્રી સુત્રેજા મધુબેન નાગાભાઈ ને પોરબંદર જીલ્લાના પોરબંદર તાલુકાના ગામ બળેજ ના **સ.નં. ૫૨/૪/૧ પૈકી** માં ૦૦–૭૮–૦૦ હેકટર વિસ્તારનું બીલ્ડીંગ લાઈમસ્ટોનનું કવો રીલીઝ તા.૩૧–૦૩–૦૬ થી મંજુર કરાયેલ છે. જેનુ કરારનામુ તા.૧૨–૦૪–૦૭ ના રોજ ૦૫ (પાંચ) વર્ષની મુદત માટે કરવામા આવેલ છે. –સદર જગ્યા ગામ બળેજ ના **સ.નં. ૫૨/૪/૧ પૈકી માં** <u>મધુબેન નગાભાઈ સુત્રેજા</u> ( રાણીબેન મેરગભાઈ હાજાભાઈ સુત્રેજા ના પુત્રવધુ) કે જેઓ પીજીવીસીએલ ના ગ્રાહક નં. ૮૦૮૧૨૦૦૯૬૩૦ ઔદ્યોગિક વીજ કનેકસન આવેલ હતું જે વીજ કનેકસનના ચેકિંગ અંગેનું કલમ ૧૩૫ મુજબ રૂ.૧૭૩૦૬૬૩.૫૯નું વીજ ચોરીનું બિલ આપવામાં આવેલ. જે રકમ ભરપાઈ ના કરતા સદર કનેકસન તા.૦૩.૦૭.૨૦૧૩ ના રોજ PDC કરવામાં આવેલ અને લેણી રકમ વસુલ કરવા સ્પે. દાવા નં.૦૩/૨૦૧૪ રોજ નામદાર કોર્ટ પોરબંદરમાં રૂ.૧૮૫૧૭૨૪.૦૮નો દાવો દાખલ કરેલ છે. તેમજ FIR No.2354/2013 ની ચાર્જ સીટ નં.૦૩/૨૦૧૭ અને ફોજદારી કેસ નં.૧૪૩/૨૦૧૭ થી દાખલ કરેલ છે . જે પેન્ડીગ છે.<br><br>૫. આમ, ઉપરોક્ત બાબતે મુદદા નં. ૩.૪,૩.૫ અને ૩.૬ અન્વયે બળેજ ગામના સરકારી પડતર સર્વે નં. ૫૨/૪ પૈકી ૧ ની જમીનમાં મેરગ હાજા સુત્રેજા તથા નાગજણ મેરગ સુત્રેજા ને લીઝ માટે ફાળવેલ જમીનમાં સ્થળ અલગ અલગ હોઈ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. મુદદા નં. ૪.૨૮ તેમજ ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ - ફરીયાદી અરજદાર ના નામે વીજબીલ ના લેણા કે પીજીવીસીએલ ના કાર્યક્ષેત્ર માં બાકી હોય – તે બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ રજુઆત – આધાર–પુરાવા સાથે કરેલ નથી. જેથી, અરજદાર ની નવા ઔધોગીક વીજજોડાણ મેળવવા માટે ની સદર અરજી નિયમાધીન ગ્રાહય રાખી શકાય, જેથી – સદર બાબતે સદર લીઝ ક્યાં સુધી રીન્યુઅલ કરેલ છે જેની જરૂરી આધાર પુરાવા અરજદાર શ્રી તરફથી રજુ થયેથી નવા વીજજોડાણ આપવા માટેની અરજી ની નિયમાધીન નોંધણી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૮(૫) મુજબ ની વિગતેની કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.